પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૫૩ | ૨૪ નવેમ્બર, ૨૦૧૮, શનિવાર; કારતક વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### દેશમાં જ બનશે ફ્રીજ અને વોશિંગ મશીન

હવે જલદી જ સરકારના મેક ઈન ઈન્ડિયા અંતર્ગત ફ્રીજ, એસી, વોશિંગ મશીન પણ બનશે. આ ઉત્પાદનોના ઈમ્પોર્ટમાં એક્સાઈઝ ડ્યૂટી વધ્યા બાદ મેન્યુફેક્ચરર્સ મેક ઈન ઈન્ડિયા સાથે જોડાવા માટે તૈયાર છે. આ સેક્ટરમાં વર્ષ ૬૫૦૦ કરોડ રુપિયાનું રોકાણ કરી શકાશે.

### પર્રિકર રાજીનામું આપતા ભાજપ હાઈકમાન્ડે રોક્યા હતા

બીમારી સામે ઝઝૂમી રહેલા મુખ્યમંત્રી મનોહર પર્રિકર પોતાના પદ પરથી ત્યાગપત્ર આપવા માંગતા હતા, પરંતુ હાઈકમાને તેમણે આવું કરતા રોક્યા હતા. ગોવા ફોરવર્ડ પાર્ટીના પ્રમુખ અને રાજ્યના કૃષિ મંત્રી વિજય સરદેસાઈનો દાવો છે કે પાર્રિકર મુખ્યમંત્રી પદ છોડવા માંગતા હતા.

### પટણા રેલ્વે સ્ટેશન પર ૧૦૦ ફૂટ ઊંચો તિરંગો લહેરાવાશે

પટના જંકશનના પરિસરમાં ૧૦૦ ફૂટ ઉંચો તિરંગો લહેરવામાં આવશે. આ તિરંગાની ખાસિયત એ છે કે તે કોઈ કાપડ નહી પરંતુ એલઈડી લાઈટથી ઝળહળી ઉઠશે. ૩૧ ડીસેમ્બર પહેલા આ તિરંગાને બનાવવાનું કાર્ય પૂર્ણ કરવામાં આવશે.

### જેટ એરવેઝના સ્વતંત્ર નિર્દેશક રંજન મથાઈએ રાજીનામુ આપ્યુ

જેટ એરવેઝના સ્વતંત્ર નિર્દેશક રંજન મથાઈએ રાજીનામુ આપ્યું છે. એરલાઈને ગુરૂવારે આ અંગેની જાણકારી આપી છે.

# અનંતનાગમાં છ ત્રાસવાદીઓ ઠાર

**પત્રકાર સુજાત બુખારીની હત્યામાં સામેલ કુખ્યાત મલિક પણ ઠાર : કલાકો સુધી સામ સામે ગોળીબારની રમઝટ જામ્યા બાદ તમામ ત્રાસવાદીઓ ફૂંકાયા : ઘટનાસ્થળથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો**



શ્રીનગર,તા. ૨૩

જમ્મુ કાશ્મીરના અનંતનાગના બિજબહેરામાં સુરક્ષા દળોની સાથે થયેલી ભીષણ અથડામણમાં આજે છ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. ઠાર થયેલા ત્રાસવાદીઓમાં પત્રકાર સુજાત બુખારીની હત્યામાં સામેલ રહેલો કુખ્યાત ત્રાસવાદી અજાદ મલિક પણ સામેલ છે. ત્રાસવાદીઓ પાસેથી જે હથિયારો મળ્યા છે તે ચોંકાવનાર છે. આ જથ્થો યુદ્ધ લડવા જેટલો જથ્થો છે. ઠાર થયેલા ત્રાસવાદીઓની ઓળખ કરી લેવામાં આવી છે. તોઈબાના ત્રાસવાદીઓ હોવાની વિગત સપાટી પર આવી છે. આ વર્ષે જુનમાં ત્રાસવાદીઓએ રાઈઝીંગ કાશ્મીરના એડિટર ઈન ચીફ સુજાત બુખારીની કારમાં જ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. આજે મળેલી સફળતાની સાથે જ ભારતીય સેના અને પોલીસને મોટી સફળતા હાથ લાગી છે. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો અને હથિયારોના જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. હજુ આ વિસ્તારમાં વધુ કેટલાક ત્રાસવાદીઓ છુપાયેલા હોઈ શકે છે. જેથી જોરદાર

● અનુસંધાન પાન-૭ પર

## અયોધ્યામાં રવિવારે યોજાનાર ધર્મસભા પહેલા ભારે તંગદિલી

**પરિસ્થિતિ વણસી જવાના ભયથી લોકો પરેશાન : હિન્દુ અને મુસ્લિમ પરિવારો દ્વારા સ્થિતિ ખરાબ થવાની દહેશતથી જરૂરી ચીજોનો જથ્થો જમા કરવાની શરૂઆત**



અયોધ્યા,તા. ૨૩

મંદિર આંદોલનને લઈને વિશ્વ હિન્દુ પરિષદની નવેસરન ગતિવિધીને ધ્યાનમાં લઈને અયોધ્યા અને ફેઝાબાદમાં હિન્દુ અને મુસ્લિમ પરિવારમાં હાલમાં હિંસાની દહેશત સ્પષ્ટપણે જોવા મળે છે. આ દહેશતના કારણે પરિવારોએ વધુ પ્રમાણમાં રેશનિગ ખરીદવાની શરૂઆત કરી દીધી છે. દરમિયાન વેપારીઓ દ્વારા વિહિપ તરફથી આયોજિત રવિવારની ધર્મસભાનો બહિષ્કાર કરવાની વાત કરી છે. છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે અયોધ્યામાં વેપારીઓ દ્વારા વિહીપના રોડ શોનો બહિષ્કાર કરવાની વાત કરી છે. તેમની સંયુક્ત સંસ્થા સંયુક્ત વેપાર મંડળે કહ્યુ છે કે તેમના દ્વારા ધર્મસભાનો વિરોધ કરવામાં આવનાર છે. મુંબઈથી અહીં આવેલા શિવ સેના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેને કાળા ધ્વજ દેખાડવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# આરબીઆઈ રેટ યથાવત રાખે તેવી શક્યતા

**આગામી મહિનામાં આરબીઆઈની બેઠક : શાકભાજી અને ફળફળાદીની કિંમતો ઘટશે : સીપીઆઈ ફુગાવો ૨.૮થી ૩ ટકાની રેંજમાં રહેવાની પ્રબળ શક્યતા**

નવી દિલ્હી, તા. ૨૩

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા આગામી મહિનામાં તેની પોલિસી સમીક્ષા બેઠકમાં ચાવીરૂપ વ્યાજ દરોને યથાવત રાખે તેવી શક્યતા દેખાઈ રહી છે. વૈશ્વિક ક્રુડ ઓઈલની કિંમતમાં હાલમાં ઘટાડો થઈ રહ્યો છે. કૃષિ ઉત્પાદનમાં વધારો થઈ રહ્યો છે તેવા અહેવાલ વચ્ચે આરબીઆઈ હાલમાં પોલિસી રેટ યથાવત રાખે તેવી શક્યતા દેખાઈ રહી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે શાકભાજીના ભાવ ઘટી રહ્યા છે. ફળફળાદીની કિંમતો પણ ઘટી રહી છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સરકારની નવી પ્રાપ્તિ પોલિસી આગામી દિવસોમાં કૃષિ પેદાશોની કિંમતો ઉપર અસર કરી શકે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ વર્ષે નવેમ્બર મહિના દરમિયાન સીપીઆઈ ફુગાવો ૨.૮થી ૩ ટકાની વચ્ચે રહી શકે છે. જ્યારે ડબલ્યુપીઆઈ ફુગાવો નવેમ્બર મહિના દરમિયાન ૪.૮ થી ૫ ટકાની રેન્જમાં રહી શકે છે. ઘણા બધા જોખમી પરિબળો પણ રહેલા છે. વૈશ્વિક ક્રુડ ઓઈલની કિંમતો ઘટી રહી છે. તેલ કિંમતો હજુ પણ વધુ ઘટે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે ભારતીય માર્કેટમાં મોટા પ્રમાણમાં વિદેશી મૂડીરોકાણ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. રૂપિયામાં સ્થિરતા આવી શકે છે. ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશનની સ્થિતિમાં વધુ સુધારો થઈ શકે છે. આર્થિક વિકાસ દરની સ્થિતિ સુધરે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે.

# હિઝબુલે શ્રીનગરમાં ૪૭ કલાક લાંબી મિટિંગ યોજી

**મિટિંગમાં તોયબા, જેશના કમાન્ડરો હાજર રહ્યા : પાંચ પોલીસ જવાન સહિત સાતની હત્યામાં સામેલ રહેલો હિઝબુલ કમાન્ડર ઉમર એલિયાસ વિશેષ ઉપસ્થિત રહ્યો**

શ્રીનગર,તા. ૨૩

જમ્મુ કાશ્મીરમાં શ્રીનગરના હજરતબાલમાં ત્રણ ખતરનાક ત્રાસવાદી સંગઠનોની બેઠક યોજાઇ છે. આ બેઠક આશરે ૪૭ કલાક સુધી ચાલી હતી.



બેઠક બાદ સુરક્ષા સંસ્થાઓ સાવધાન થઇ ગઇ છે. જાણવા મળેલી માહિતી મુજબ બેઠકમાં હિજબુલ મુજાહીદ્દીન, લશ્કરે તોયબા, જેશના ત્રાસવાદીઓ હાજર રહ્યા હતા. આ બેઠક મંગળવારના દિવસે યોજાઇ હોવાનુ જાણવા મળ્યુ છે. બેઠક બાદ સુરક્ષા દળો પર પણ પ્રશ્નો થઇ રહ્યા છે. એક પત્રમાં હિઝબુલ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે તેના ૧૬ કમાન્ડરો આ બેઠકમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. હિજબુલનુ કહેવુ છે કે તે ટુંક સમયમાં જ હજરતબાલ શ્રાઇનમાં યોજાયેલી બેઠક અંગે વિડિયો જારી કરશે. આ બેઠકમાં હાજર રહેલા હિજબુલના કમાન્ડર ઉમર એલિયાસનો ફોટો પણ જારી કરવામાં આવ્યો છે. સુરક્ષા સંસ્થાઓ આ ફોટોને બોગસ ગણાવી રહી છે. ભારતીય સુરક્ષા દળોનો સામનો કઇ રીતે કરવામાં આવે તે પાસા પર બેઠકમાં ચર્ચા થઇ હતી. તોયબાના ચાર ત્રાસવાદીઓ તેમાં હાજર રહ્યા હતા. હિજબુલના વેલી ઓપરેશન કમાન્ડર રિયાજ નાયકુએ બેઠકનુ નેતૃત્વ કર્યુ હતુ. સેફુલ્લાહ પણ બેઠકમાં હાજર રહ્યો હતો. ઉમર એલિયાસનો ફોટો ગુરૂવારે જારી કરવામાં આવ્યો હતો. જેમાં તે શ્રીનગરના ઘંટાઘરની સામે નજરે પડી રહ્યો છે. હિઝબુલનું કહેવું છે કે આ મિટીંગ ૪૭ કલાક સુધી ચાલી હતી. જેમાં ભારતીય સુરક્ષા જવાનો દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીના સંબંધમાં માહિતી એકત્રિત કરવામાં આવી હતી. આ બેઠકમાં અનેક કમાન્ડરો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં અન્ય તમામ પાસા ઉપર પણ ચર્ચા થઈ હતી. દક્ષિણ કાશ્મીરના કુલગામમાં સક્રિય કુખ્યાત ઉમર ઈલિયાસ હંજાલા હિઝબુલ મુજાહિદ્દીનનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી છે. ૧૦ લાખ રૂપિયાનું ઈનામ તેના ઉપર છે. તેના ઉપર પાંચ પોલીસ જવાનો અને બે સ્થાનિક લોકો સહિત સાત લોકોની હત્યા કરવાનો આરોપ છે. હંજાલા ૨૦૧૬માં હિઝબુલમાં સામેલ થયો હતો. હજુ તે કુલગામમાં હિઝબુલ કમાન્ડર તરીકે સક્રિય છે. આજની બેઠકમાં કુલ ૧૬ કમાન્ડરો જોડાયા હતા અને કમાન્ડરોએ પોતાના લોકોને હુમલા વધુ તીવ્ર કરવા સૂચના આપી હતી. જમ્મુ-કાશ્મીરમાં યોજાયેલી આ બેઠકને લઈને સુરક્ષા જવાનોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

# દેશમાં ૫૩૯ ચાઈલ્ડ કેર સંસ્થા બંધ કરાઈ

**બાળક સાથે જાતિય શોષણના મામલા બાદ નિર્ણય : મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૩૭૭ સીસીઆઈ બંધ કરી દેવાયા**



નવી દિલ્હી,તા. ૨૩

બિહારના મુજફ્ફરપુર અને ઉત્તરપ્રદેશના દેવરીયા જિલ્લાના શેલ્ટર હોમમાં રહેનાર બાળકીઓ સાથે જાતિય શોષણના મામલા સપાટી પર આવ્યા બાદ સરકાર દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. આના ભાગરૂપે ઓગસ્ટથી લઈને હજુ સુધી દેશમાં આશરે ૫૩૯ ચાઈલ્ડ કેર ઈન્સ્ટીટ્યુટ અથવા તો સંસ્થાઓને બંધ કરવામાં આવી ચુકી છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે આ સંસ્થાઓને મંત્રાલયની નજર હેઠળ એક સોશિયલ ઓડિટ બાદ બંધ કરવાનો નિર્ણય કરાયો છે. અધિકારીએ કહ્યું છે કે આ સંસ્થાઓને એટલા માટે બંધ કરવામાં આવી છે જે બાળકો માટે રહેવાની સ્થિતિ નથી તેના આધારે આને બંધ કરવામાં આવી છે. નિયમોનો સતત ભંગ કરવામાં આવી રહ્યો છે.

મહારાષ્ટ્રમાં ૩૭૭ સીસીઆઈ બંધ થયા છે. જ્યારે બાકી રાજ્યોની સરખામણીમાં સૌથી વધારે સંખ્યા છે. મહારાષ્ટ્ર બાદ સૌથી વધારે સીસીઆઈ આંધ્રપ્રદેશમાં છે અને તેની સંખ્યા ૭૮ છે. તેલંગાણામાં ૩૨ આ પ્રકારની સંસ્થાઓ બંધ કરાઈ છે. જે અન્ય રાજ્યોમાં સીસીઆઈને બંધ કરાઈ છે તેમાં ઝારખંડ, કર્ણાટક, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ સામેલ છે. મુજફ્ફરપુર મામલો સપાટી પર આવ્યા બાદ

● અનુસંધાન પાન-૭ પર

## કરાંચીની પોલીસ ઓફિસરે ચીની લોકોને બચાવી લીધા

પેશાવર, તા. ૨૩

કરાંચી પોલીસની સાહસી મહિલા ઓફિસરે ચીની કોન્સ્યુલેટ સ્ટાફ સુધી પહોંચવાથી ત્રાસવાદીઓને રોકવામાં સફળતા મેળવી હતી. આ મહિલા પોલીસ ઓફિસરના લીધે ચીની સ્ટાફના જીવ બચી ગયા હતા. આજે આ મહિલાએ ઘણા કર્મચારીઓને બચાવી લીધા હતા. પાકિસ્તાની શહેર કરાંચીમાં જ્યારે મિશન ઉપર આતંકવાદીઓએ હુમલો કર્યો ત્યારે આ મહિલાએ જોરદાર સાહસનો પરિચય આપ્યો હતો. ખૂબ ઓછા લોકોને આ અંગેની માહિતી છે કે આ મહિલા પોલીસ ઓફિસરને ખાનગી સ્કુલમાં પ્રવેશ લેવા માટે તેના ગામમાં સગા સંબંધીઓએ પડતી મુકી દીધી હતી.

## બીજી ટ્વેન્ટી-૨૦ મેચ અંતે રદ

મેલબોર્ન ખાતે આજે રમાયેલી બીજી વન ટ્વેન્ટી મેચ વરસાદના કારણે આખરે રદ કરી દેવામાં આવી હતી. ત્રણ મેચોની શ્રેણીમાં ઓસ્ટ્રેલિયા ૧-૦ની લીડ ધરાવે છે. આજે વરસાદના કારણે એક ઈનિંગ્સની રમત જ શક્ય બની હતી. ભુવનેશ્વર કુમાર અને ખલીલ અહેમદની શાનદાર બોલીંગના લીધે વરસાદ ગ્રસ્ત મેચમાં ઓસ્ટ્રેલિયાની ટીમના ખેલાડીઓ મેદાનમાં ટકી શક્યા ન હતા અને ૧૯ ઓવરમાં ૧૩૨ રન બનાવી શક્યા હતા.








